જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૮/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૭૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૭	૧	૧૦૮	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૯૫૩૮	૫૮	૬૯૫૯૬	૭૦૪૬૯	૭૪	૭૦૫૪૩
કુલ		૮૬૦૧૪	૫૯	૮૬૦૭૩	૯૪૮૫૯	૭૪	૯૪૯૩૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૭	૨,૭૮,૩૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૦૮	૮,૦૮,૦૦૦/-

નાસતા ફરતા આરોપીની અતકાયતની વિગત

રામોલ પોલીસ સ્ટેશન

છેલ્લા તેર વર્ષથી રામોલ પોલીસ સ્ટેશનના બળાત્કારના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી રામોલ પોલીસ

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર **શ્રીમતી રિધ્ધિ દવે** સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તારીખ:૨૮/૦૮/૨૦૨૧ ના રોજ પો.સ.ઈ બી.આર.ભાટી તથા એ.એસ.આઈ રણજીતસિંહ મફતસિંહ બ.નં.૭૭૮૩ તથા સ્ટાફના માણસો સાથે નાસતા ફરતા આરોપીની તપાસમાં પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન **પો.કો મયુરભાઈ માધાભાઈ બ.નં.૯૫૨ તથા પો.કો મહીપાલસિંહ માનસિંહ બ.નં.૧૧૨૯૩ તથા પો.કો યુવરાજસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૧૧૮૮૧** નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે રામોલ એક્ષપ્રેસ સામે પંચો તથા સ્ટાફના માણસો સાથે વોચ તપાસ કરતા રામોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૧/૨૦૦૮ ઈપીકો કલમ ૩૭૬,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨) મુજબના ગુનાના કામના આરોપી **ભરતભાઈ બીશનલાલ બંદુલાલ પંજાબી ઉવ:૬૭ રહે:૧૦૪ પુર્ણીમાનગર રાજેન્દ્ર પાર્ક રોડ ઓઢવ અમદાવાદ શહેર હાલ:એચ/૧ યોગેશ્વર પાર્ક સોસાયટી શ્યામશીખર ચાર રસ્તા પાસે બાપુનગર અમદાવાદ શહેર** નાને પકડી આરોપી પુછપરછ કરતા પોતે ઉપરોક્ત ગુનામાં છેલ્લા તેર વર્શથી નાસતો ફરતો હોય અને હાલ જન્માષ્ટમીના તહેવાર અનુસંધાને ચોરીથી પોતાના ઘરે જતો હોવાની કબુલાત કરતા સદરી આરોપીને રામોલ પોલીસ સ્ટેશનના ઉપરોક્ત ગુનામાં પકડી સદરી આરોપી વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરેલ છે.



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રામોલ પોલીસ સ્ટેશન (૧)

જુગારનો ગણના પાત્ર કેસ શોધી રોકડ રૂપિયા ૧૦,૨૦૦/- તથા ગંજી પાના નંગ:૫૨ મળી કુલ રૂપિયા ૧૦,૨૦૦/- ના મુદ્દામાલ સાથે આંઠ ઈસમોને ઝડપી પાડતી રામોલ પોલીસ

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી આર.કે.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તારીખ:૨૮/૦૮/૨૦૨૧ ના રોજ પો.સ.ઈ બી.આર.ભાટી તથા એ.એસ.આઈ હીરેન્દ્રસિંહ અનોપસિંહ બ.નં.૧૩૬૩૩ તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની પ્રવુર્તીઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ બ.નં.૫૬૦૪ તથા પો.કો સત્યજીતસિંહ નિર્મળસિંહ બ.નં.૫૧૨૭ નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે રામોલ વસ્ત્રાલ ગોપી બંગ્લોઝ મકાન નં.૬ ની અંદર પંચો સાથે રેડ કરતા આરોપીઓ નં.(૧) વિઠ્ઠલભાઇ ઓધવજીભાઇ પટેલ ઉવ.૫૨ રહે:૬ ગોપી બંગ્લોઝ ગોપી ડેરી ઢાળ પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર તથા નં.(૨) માધવસિંહ સુનિલસિંહ ચૌહાણ ઉવ.૧૯ રહે:૧૩ રવિ ફ્લેટ મહાદેવનગર વસ્ત્રાલ અમદાવાદ શહેર તથા નં.(૩) સચીનભાઇ ડાહ્યાભાઇ પંચાલ ઉવ.૨૭ રહે:૧૧૧ આમ્ર પોંડ સોસાયટી દાસ્તાન સર્કલ નવાનરોડા અમદાવાદ શહેર તથા નં.(૪) મેહુલકુમાર રમેશભાઇ પરમાર ઉવ.૨૫ રહે:૩૧૦ આમ્ર પોંડ સોસાયટી દાસ્તાન સર્કલ નવાનરોડા અમદાવાદ શહેર તથા નં.(૫) હિતેશભાઇ બેચરભાઇ પટેલ ઉવ.૨૬ રહે:મારૂતિ સોસાયટી સામે અર્બુદાનગર ઓઢવ અમદાવાદ શહેર તથા નં(૬) યોગેશભાઇ જયંતીલાલ પંચાલ ઉવ.૪૨ રહે:૬૨ યોગેશ્વરપાર્ક ડુપ્લેક્ષ માધવફાર્મની સામે વસ્ત્રાલ અમદાવાદ શહેર તથા નં.(૭) અશોકભાઇ કેશવલાલ ઉવ.૪૬ રહે: બી/૪૦૩ શ્રીજી હાઈટસ વસ્ત્રાલ અમદાવાદ શહેર નં.(૮) વિશ્વાસ હસમુખભાઇ પટેલ ઉવ.૨૨ રહે:એ/૫ રવિ ફ્લેટ મહાદેવનગર વસ્ત્રાલ અમદાવાદ શહેર નાઓને પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડતા ગંજી પાના નંગ:૫૨ તથા રોકડા નાણા રૂપીયા ૧૦,૨૦૦/- મળી કુલ્લે કીમત રૂપીયા ૧૦,૨૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તમામ આરોપીઓ વિરૂધ્ધ રામોલ પો.સ્ટે ધી જુગાર ધારા કલમ ૪,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

રામોલ પોલીસ સ્ટેશન (૨)

જુગારનો ગણના પાત્ર કેસ શોધી રોકડ રૂપિયા ૧૯,૧૭૦/- તથા ગંજી પાના નંગ:૫૨ મળી કુલ રૂપિયા ૧૯,૧૭૦/- ના મુદ્દામાલ સાથે છ ઈસમોને ઝડપી પાડતી રામોલ પોલીસ

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી આર.કે.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તારીખ:૨૭/૦૮/૨૦૨૧ ના રોજ પો.સ.ઈ બી.આર.ભાટી તથા એ.એસ.આઈ રણજીતસિંહ મફતસિંહ બ.નં.૭૭૮૩ તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની પ્રવુર્તીઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન **પો.કો મયુરભાઈ માધાભાઈ બ.નં.૯૫૨ તથા પો.કો મહીપાલસિંહ માનસિંહ બ.નં.૧૧૨૯૩ તથા પો.કો યુવરાજસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૧૧૮૮૧** નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે રામોલ કર્ણાવતી ચાર રસ્તા રાધે કીશન ફ્લેટ મકાન નં.જી/૫૦૪ ની અંદર પંચો સાથે રેડ કરતા આરોપીઓ નં.૧ **જસમીનકુમાર કાશીરામભાઈ પટેલ** ઉવ:૩૪ રહે:જી/૫૦૪ રાધેકીશન રેસીડેન્સી કર્ણાવતી ચાર રસ્તા પાસે અમદાવાદ શહેર તથા નં.૨ **દીલીપભાઈ કાન્તીભાઈ પટેલ** ઉવ:૩૦ રહે:બી/૨૦૪ રાધેકીશન રેસીડેન્સી કર્ણાવતી ચાર રસ્તા પાસે અમદાવાદ શહેર તથા નં.૩ **નરેન્દ્ર પ્રહલાદભાઈ પટેલ** ઉવ:૩૨ રહે:એ/૨૦૪ રાધેકીશન રેસીડેન્સી કર્ણાવતી ચાર રસ્તા પાસે અમદાવાદ શહેર તથા નં.૪ **રીતેશ અંબારામભાઈ પ્રજાપતી** ઉવ:૨૪ રહે:એ/૬૦૩ સરીતા રેસીડેન્સી રીલાયન્સ પેટ્રોલ પંપની પાછળ વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર તથા નં.૫ **જયંતીભાઈ મફાભાઈ પટેલ** ઉવ:૩૧ રહે:સી/૯૨ સ્વાગત સુરભી સોસાયટી મેટ્રો પીલર નં.૧૨૯ સામે વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર તથા નં.૬ **લક્ષ્મીચંદ ભરતભાઈ પટેલ** ઉવ:૨૫ રહે:૧૧ સુર્ય કીરણ સોસાયટી ઘોડાસર અમદાવાદ શહેર નાઓને પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડતા ગંજી પાના નંગ:૫૨ તથા રોકડા નાણા રૂપીયા ૧૯,૧૭૦/- મળી કુલ્લે કીમત રૂપીયા ૧૯,૧૭૦/- ના મુદ્દામાલ સાથે પકડી તમામ આરોપીઓ વિરૂધ્ધ રામોલ પો.સ્ટે **ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૧૧૬૬૬/૨૧ ધી જુગાર ધારા કલમ ૪,૫ મુજબ** કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૭૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૯૯ દેશી દારૂ, ૭૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮૩ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ, ૨ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૫૪ કેસ કરી, ૩૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૮૦,૭૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૭૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૫૮૦/૨૦૨૧**

શહેરકોટડાઃ પ્રવિણભાઇ બેચરભાઇ પટેલ (રહે. માતૃ વિલેજ સોસાયટી ડી-માર્ટ પાછળ નિકોલ) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૮/૨૦૨૧ સાજના ૬/૦૦ થી તા.૨૯/૦૮/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મેમ્કો અભિષેક એસ્ટેટમાં માં ભવાની સબ-મર્સીબલ સર્વિસ સેન્ટર નામની દુકાનના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી અલગ-અલગ સાઇઝના નવા કેબલ તથા સી.સી.ટી.વી. કેમેરાનુ ડીવીઆર મળી કુલ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રસિંહ દાનસિંહ ચલાવે છે.

સોનાનો દોરો ખેચી તોડી લઇ ગયા :- **સમાચાર યાદી નં.૧૫૮૧/૨૦૨૧**

નવરંગપુરા: સોનલબહેન ચિરાગભાઇ માધડ (ઉ.વ.૩૩) (રહે. શાસ્ત્રીનગર સોસાયટી ચિતલ રોડ એરપોર્ટ પાસે અમરેલી) તા.૨૮/૦૮/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા નળવાળા સર્કલથી ઠાકોરભાઇ દેસાઇ હોલ તરફ પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાલા રંગના સ્પ્લેન્ડર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સોનલબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૯૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સોનલબહેન માધડ એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મીસ્ત્રી ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુ:- **સમાચાર યાદી નં.૧૫૮૨/૨૦૨૧**

નિકોલઃ નિકોલ રાબડીયા હોસ્પિટલ સામે ઈ ડબ્લ્યુ એસ આવાસ યોજના ઓડાના મકાનમા કાચા છાપરામાં રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા બાબુભાઈ પર્વતભાઇ ચોહાન (ઉ.વ.૨૮) (મુળ વતન. ગામ-બાર તા-લીમખેડા જી-દાહોદ) ને તા.૨૮/૦૮/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે વિજ વાયર અડી જતા કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અમૃતજી બાબુજી ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૫૮૩/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ પરેશભાઇ પુંજાભાઇ સુથાર (ઉ.વ.૨૩) (રહે. રબારી વાસ સધ્ધિમાતાના મંદિર પાસે ગામ-દામા તા-ડીસા જી-બનાસકાઠા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૮/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા પહેલા એલિસબ્રિજ પાસે ઘાટ નંબર-૮ નજીક રિવરફ્રન્ટ વોક-વે ખાતે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

વાડજઃ મનોજભાઇ મગનભાઇ સોલંકી (ઉ.વ.૫૧) (રહે. સાબરનગરની ચાલી, દુધનાથ મહાદેવ હોલ સામે જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૮/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ પોપટભાઇ ચલાવે છે.

રિવરફ્રંટ ઈસ્ટઃ નરેશભાઇ પ્રવિણભાઇ રાઠોડ (ઉ.વ.૨૯) (રહે. પાંચ ઓરડી પીકર્સની ચાલી સરસપુર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૮/૨૦૨૧ કલાક ૯/૪૦ વાગ્યા પહેલા રેલવેબ્રીજ નીચે નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વાલસિંગભાઇ મથુરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી